# લિબર્ટી પેપરસેટ

**ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન**

**Full Solution**

**સમય : 3 કલાક** **અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 6**

## વિભાગ A

**1.** (C), **2.** (D), **3.** (E), **4.** (F), **5.** (B), **6.** ×(ખોટું), **7.** ✓(ખરું), **8.** ✓(ખરું), **9.** ✓(ખરું), **10.** ×(ખોટું) **11.** નવી દિલ્લી, **12.** 5000, **13.** ત્રણ, **14.** કૃષ્ણા, **15.** 1853, **16.** (C) વાયુપ્રદૂષણ **17.** (B) હિમાલયમાંથી નીકળતી નદીઓ મોસમી નદીઓ કહેવાય છે. **18.** (D) ભાખરા નાંગલ, ચંબલ ખીણ, નર્મદા ખીણ, નાગાર્જુન સાગર, **19.** (C) 735 $ **20.** (C) બજાર પદ્ધતિ **21.** મેઇક ઇન ઇન્ડિયા **22.** કેન્દ્ર સરકાર **23.** નિયંત્રિત આર્થિક પદ્ધતિ **24.** મિશ્ર અર્થતંત્ર

Liberty

## વિભાગ B

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૨ ગુણ)**

25. આપણા સાંસ્કૃતિક વારસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

➥ માનવે પોતાની બુદ્ધિશક્તિ, કલાકૌશલ્ય, કુનેહ અને આવડત દ્વારા જે કાંઈ પ્રાપ્ત કર્યું કે તેનું સર્જન કર્યું તેને સાંસ્કૃતિક વારસો કહેવાય છે.

➥ સાંસ્કૃતિક વારસામાં મંદિરો, શિલાલેખો, ચૈત્યો, વિહારો, સ્તૂપો, મકબરા, મસ્જિદો, કિલ્લાઓ, રાજમહેલો, ઉત્ખનન કરેલાં સ્થળો કે ઐતિહાસિક સ્થળો વગેરેનો સમાવેશ થાય છે.

26. આર્ય પ્રજા અન્ય કયા નામે ઓળખાય છે ?

➥ ભારતમાં આર્ય સભ્યતાના નિર્માતાઓ આર્યો નોર્ડિક તરીકે ઓળખાતા હતા તથા પ્રાચીનકાળમાં હિંદુઓ આર્ય કહેવાતા.

27. ગુજરાતના ગરબા અને ગરબી વિશે સમજૂતી આપો.

- ગરબા : ગરબો શબ્દ 'ગર્ભદીપ' ઉપરથી બન્યો છે.
- ઘડાને કોરાવીને તેમાં દીવો મૂકી અને તેને માથે મૂકી ચોમેર નૃત્ય કરવું એટલે ગરબો.
- ગુજરાતમાં આસો સુદ 1થી 9 સુધી ગરબા રમાય છે, જે આદ્યશક્તિની આરાધનાનું સ્વરૂપ છે.
- સામાન્ય રીતે ચોક કે મેદાનની વચ્ચે માતાજીની માંડવી હોય છે અને તેને ફરતાં વર્તુળાકારે તાળીઓના તાલે અને ઢોલના ધબકારે ગરબા ગવાય છે.
- ગરબામાં ગરબા ગવડાવનાર અને ઝીલનાર તથા ઢોલના તાલે ગીત, સ્વર અને તાલ મેળવી એક તાળી, બે તાળી અને ત્રણ તાળી તો ક્યાંક ચપટી સાથે હાથના હિલોળા સાથે ગરબા ગવાય છે.
- ગરબી : ગુજરાતમાં ગરબા ઉપરાંત ગવાતી ગરબીનો સંબંધ મોટા ભાગે શ્રીકૃષ્ણ ભક્તિ સાથે જોડાયેલો છે.
- ગુજરાતમાં કવિ દયારામે ગોપીભાવે શ્રીકૃષ્ણપ્રેમની રંગભરી ગરબીઓ રચી ગુજરાતની સ્ત્રીઓના કંઠને ગુંજતો કરી દીધો છે.
- રાસ : રાસ એટલે ગોળાકારે ફરતાં ફરતાં નૃત્ય સાથે ગાવું તે.
- દાંડિયા રાસએ રાસનો એક પ્રકાર છે.
- રાસ રમતી વખતે સ્ત્રીઓ ભરત ભરેલા ચણિયા-ચોળી અને પુરુષો કેડિયા-ધોતીનો પરંપરાગત પોશાક પહેરે છે.
- નવરાત્રી અને જન્માષ્ટમી જેવા તહેવારોએ રાસ રમાય છે.
- વૈષ્ણવ સંપ્રદાયમાં રાસનું ખૂબ મહત્ત્વ છે.
- ભગવાન શ્રીકૃષ્ણએ ભક્ત નરસિંહ મહેતાને રાસલીલા બતાવી હતી તેવી દંત કથા છે.

28. ભવાઈ લલિતકલાનો પરિચય આપો.

➥ શાસ્ત્રકારોએ ભવાઈને 'ભાવપ્રધાન નાટકો' કહ્યાં છે.

➥ ભવાઈ, એ આશરે 700 વર્ષ જૂની ગુજરાતમાં અસાઇત ઠાકર દ્વારા શરૂ થયેલી જૂની વિશિષ્ટ પ્રકારની નાટ્યકલા છે.

➥ સસ્તા ખર્ચે લોકશિક્ષણ સાથે મનોરંજન કરતી આ નાટ્યકલાને સોલંકી યુગમાં પ્રોત્સાહન અપાયું.

➥ મોટે ભાગે પડદા વિના ભજવાતાં નાટકો, હળવી શૈલીની રમૂજો અને ભૂંગળ વાદ્ય સાથે સંગીતપ્રધાન નાટકો અને વેશમાં મોટે ભાગે રામદેવનો વેશ, ઝંડા ઝૂલણનો વેશ, કજોડાનો વેશ એ ભવાઈની વિશેષતા છે.

➥ ભવાઈના વિષયવસ્તુમાં સામાજિક કુરિવાજોના પ્રતિકારનો પણ સમાવેશ થાય છે.

➥ ગુજરાતમાં કન્યા-કેળવણી, બેટી બચાવો જેવા કાર્યક્રમો માટે રંગલા-રંગલી જેવાં પાત્રો સાથે ભવાઈ નાટ્યપ્રયોગો યોજાય છે.

➥ ભવાઈ ભજવનાર ભવાયાઓ ભૂંગળ વગાડી માતાજીની સ્તુતિ કરતા હોય છે.

29. નીચે આપેલા સ્રોતો વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

સહ્યાદ્રિ પર્વતમાળાને કોરીને ઘોડાની નાળ આકારે અહીં કુલ 29 ગુફાઓ આવેલી છે. અહીંની ગુફાઓને બે ભાગમાં વહેંચી શકાય : (1) ચિત્રકલા આધારિત ગુફાઓ અને (2) શિલ્પકલા આધારિત ગુફાઓ. ભીંતચિત્રો આધારિત ગુફાઓ પૈકી 1, 2, 10, 16 અને 17 નંબરની ગુફાઓનાં ભીંતચિત્રો અજોડ અને ઉચ્ચ કક્ષાનાં છે. આ ચિત્રોનો મુખ્ય વિષય બૌદ્ધ ધર્મ છે. આ ગુફાઓના બે પ્રકારો પાડી શકાય : ચૈત્ય અને વિહાર. 9, 10, 19, 26 અને 29 નંબરની ગુફાઓ ચૈત્ય છે. જ્યારે બાકીની ગુફાઓ વિહારો છે. આ ગુફાઓ એક સમયે વિસરાઈ ગઈ હતી. આ ગુફાઓ પ્રારંભિક બૌદ્ધ વાસ્તુકલા, ગુફાચિત્રો અને શિલ્પકલાનાં

Liberty

ઉત્કૃષ્ટ ઉદાહરણોમાં સ્થાન પામે છે. તેની અનોખી કલા સમૃદ્ધિના કારણે માત્ર ભારતમાં જ નહિ પણ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્ય કલાના અપૂર્વ સુમેળરૂપ આ ગુફાઓમાં થયેલ કલાસર્જન ભારતીય કલાને વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે.

(1) અહીં ભારતના સાંસ્કૃતિક વારસાના કયા સ્થળ વિશે માહિતી આપવામાં આવી છે ?

(2) આ ગુફાઓમાં વિહારોની સંખ્યા કેટલી છે ?

(3) આ સ્થાપત્યને વિશ્વ-વારસાનાં સ્થળોની યાદીમાં શા માટે સમાવેશ કરવામાં આવ્યો છે ?

➥ (1) અજંતાની ગુફાઓ

➥ (2) 24

➥ (3) આ સ્થાપત્યને વિશ્વ-વારસાનાં સ્થળોની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે કારણ કે, આ ગુફાઓ પ્રારંભિક બૌદ્ધ વાસ્તુકલા, ગુફાચિત્રો અને શિલ્પકલાનાં ઉત્કૃષ્ટ ઉદાહરણોમાં સ્થાન પામે છે. તેની અનોખી કલા સમૃદ્ધિના કારણે માત્ર ભારતમાં જ નહિ પણ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્યકલાના અપૂર્વ સુમેળરૂપ આ ગુફાઓમાં થયેલ કલાસર્જન અદ્દભુત છે.

30. નીચે આપેલા ઐતિહાસિક સથળો વિશે માહિતી આપો.

(A) અમદાવાદ (B) જૂનાગઢ

➥ ગુજરાત શિલ્પ-સ્થાપત્ય કલાક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. અહીં બહુવિધ સ્થાપત્ય ક્ષેત્રો જોવાં મળે છે, જેમાંનાં નામાંકિત સ્થાપત્યો નીચે મુજબ છે :

➥ ધોળાવીરા : ધોળાવીરા કચ્છના ભચાઉ તાલુકામાં ખદીર બેટમાં આવેલું આદર્શ નગર હતું.

➠ હડપ્પીય સંસ્કૃતિના વેપાર-વાણિજ્યના કેન્દ્ર માટે જાણીતું છે. આજથી લગભગ 5000 વર્ષ પહેલાં આ નગરમાં ઘરેણાં બનાવવાનાં તથા મણકા બનાવવાનાં કેન્દ્રો આવેલાં હતાં.

➥ લોથલ : અમદાવાદ-ભાવનગર હાઈવે નજીક આવેલું આ એક પુરાતત્ત્વીય સ્થળ છે.

➠ લોથલ પ્રાચીન સમયમાં વેપાર-વાણિજ્યનું મુખ્ય અને સુવિધાઓથી સજ્જ હડપ્પીયન સાંસ્કૃતિક બંદર હતું.

➥ જૂનાગઢ (May, 2021) : જૂનાગઢમાં અશોકનો શિલાલેખ, ખાપરા-કોડિયાની બૌદ્ધ ગુફાઓ, જૈન મંદિરો, દામોદર કુંડ, અડીકડીની વાવ, નવઘણ કૂવો, જૂનો રાજમહેલ, મહોબતખાનનો મકબરો, બહાઉદ્દીન વજીરનો મકબરો વગેરે જોવાલાયક સ્થળો છે. ઉપરાંત ગીર તળેટીમાં મહાશિવરાત્રિનો ભવનાથનો મેળો ભરાય છે.

➥ અમદાવાદ (May, 2021): અમદાવાદની ઓળખ ઐતિહાસિક નગરી તરીકે થાય છે. અહીં ભદ્રનો કિલ્લો, જામા મસ્જિદ, રાણી સીપ્રીની મસ્જિદ, સરખેજનો રોજો, ઝૂલતા મિનારા, સીદી સૈયદની જાળી, હઠીસિંગનાં દેરાં, રાણી રૂપમતીની મસ્જિદ વગેરે જોવાલાયક સ્થાપત્યો છે.

➠ અહીંની સીદી સૈયદની જાળીની ભૌમિતિક રચના તથા ઝૂલતા મિનારા કંપનનાં રહસ્યો જાણીતાં છે.

➥ પાટણ : પાટણમાં સહસ્રલિંગ તળાવ, રાણીની વાવ અને સિદ્ધપુરનો રુદ્રમહાલય જોવાલાયક સ્થળો છે.

➥ રાણકી વાવ : ભીમદેવ પહેલાની રાણી ઉદયમતિએ પ્રજા માટે પાણીની વ્યવસ્થા પૂરી કરવા વાવનું નિર્માણ કરાવ્યું હતું. જ્યારે 1140માં સિદ્ધરાજ જયસિંહે સહસ્રલિંગ તળાવ બંધાવ્યું હતું.

➥ સ્તૂપ અને ગુફાઓ : ક્ષત્રપકાળ દરમિયાન ગુજરાતમાં કેટલાક સ્તૂપ અને વિહારોનું નિર્માણકાર્ય થયું હતું, જેમાં જૂનાગઢમાં બોરદેવી, શામળાજી નજીક દેવની મોરી તથા જૂનાગઢ ગિરનારમાં ઇટવા બૌદ્ધ સ્તૂપના અવશેષ પ્રાપ્ત થયા છે.

➠ ગુજરાતમાં બાવાપ્યારા, ઉપરકોટ, ખાપરા-કોડિયા, ખંભાલિડા, તળાજા, સાણા, ઝીંઝુરીઝર, કડિયા ડુંગર વગેરે સ્થળોએ ગુફા સ્થાપત્યો છે.

➥ ભાવનગર જિલ્લાના પાલિતાણાના શેત્રુંજય પર્વત પર અનેક જૈન દેરાસરો આવેલાં છે.

➥ ગીર-સોમનાથ જિલ્લામાં સોમનાથ મંદિર અને દેવભૂમિ દ્વારકામાં દ્વારકાધીશનું મંદિર વગેરે ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવે છે, જે ગુજરાતની સંસ્કૃતિના વારસાને સમૃદ્ધ કરે છે.

31. વહીવટી દૃષ્ટિએ જંગલોના પ્રકારો જણાવો.

➥ વહીવટી દૃષ્ટિએ જંગલોના મુખ્ય ત્રણ પ્રકાર પડે છે :

(1) અનામત જંગલો : જ્યાં લાકડાં કાપવા, કે વીણવા તથા પશુચરાણ માટે પ્રવેશની મનાઈ હોય છે અને જે સરકારી તંત્રના સીધા જ નિયંત્રણ હેઠળ હોય છે. તેને અનામત જંગલો કહે છે.

(2) સંરક્ષિત જંગલો : આ પ્રકારનાં જંગલો સરકારી તંત્રની દેખરેખ હેઠળ હોય છે. જ્યાં વૃક્ષોને હાનિ પહોંચાડ્યા વગર લાકડાં વીણવાની તથા પશુચરાણની સ્થાનિક લોકોને છૂટ હોય છે. તેને સંરક્ષિત જંગલો કહે છે.

(3) અવર્ગીકૃત જંગલો : જે જંગલોનું કોઈ પણ પ્રકારમાં વર્ગીકરણ હજુ સુધી થયું નથી. જ્યાં લાકડાં કાપવા, પશુચરાણ કરવા પર કોઈ જ પ્રતિબંધ નથી. તેવાં જંગલોને અવર્ગીકૃત કે બિનવર્ગીકૃત જંગલો કહે છે.

32. ખનીજોના વર્ગીકરણ વિશે લખો.

➥ ખનીજોનું વર્ગીકરણ પ્રમાણે કરી શકાય :

Liberty

## ખનીજોનું વર્ગીકરણ

- ધાતુમય ખનીજો
  - કિંમતી ધાતુમય: સોનું, ચાંદી, પ્લેટિનમ
  - હલકી ધાતુમય: બોક્સાઇટ, ટીટાનિયમ, મેગ્નેશિયમ
  - મિશ્ર ધાતુમય: ક્રોમિયમ, મેંગેનીઝ, ટંગસ્ટન, વેનેડિયમ
  - સામાન્ય ધાતુમય: લોખંડ, તાંબું, જસત, સીસું, કલાઈ, નિકલ
- અધાતુમય ખનીજો: ચૂના ખડક, સલ્ફર, હીરા, ચોક, અબરખ, એસ્બેસ્ટોસ, ફ્લોરસ્પાર, જિપ્સમ (ચિરોડી)
- સંચાલનશક્તિનાં ખનીજો: કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ, યુરેનિયમ, થોરિયમ

➥ સામાન્ય રીતે ધાતુઓનું વર્ગીકરણ : (1) ધાતુમય ખનીજો, (2) અધાતુમય ખનીજો, (3) સંચાલનશક્તિ માટે વપરાતાં ખનીજો.

1. ધાતુમય ખનીજો :

(1) કીમતી ધાતુમય ખનીજો જેવાં કે, સોનું, ચાંદી, પ્લેટિનમ.

(2) હલકાં ધાતુમય ખનીજો જેવાં કે, મેગ્નેશિયમ, બોક્સાઇટ, ટીટાનિયમ.

(3) સામાન્ય ઉપયોગમાં લેવાતાં ખનીજો જેવાં કે, લોખંડ, તાંબું, જસત, કલાઈ.

(4) મિશ્રધાતુ સ્વરૂપે વપરાતાં ખનીજો જેવાં કે, ક્રોમિયમ, ટંગસ્ટન.

2. અધાતુમય ખનીજો જેવાં કે, ચોક, ચૂનાના પથ્થર, અબરખ, જિપ્સમ (ચિરોડી), સલ્ફર, હીરા.

3. સંચાલન માટે ઉપયોગમાં લેવાતાં ખનીજો જેવાં કે, કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ, યુરેનિયમ.

33. અબરખના ગુણધર્મો અને ઉપયોગ જણાવો. અથવા અબરખ વિશે જણાવો.

➥ અબરખ એ અધાતુમય ખનીજ છે અને વિશ્વમાં ભારત અબરખ ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

➥ અબરખ એ અગ્નિરોધક અને વિદ્યુતની અવાહક હોવાથી તેનો વિશેષ ઉપયોગ વિદ્યુતનાં સાધનો બનાવવામાં થાય છે. જેમ કે, વિદ્યુતમોટર, ડાયનેમો, રેડિયો, ટેલિફોન, મોટરગાડી, હવાઈ- જહાજ વગેરે.

34. કૃષિ આધારિત ઉદ્યોગો અને ખનીજ આધારિત ઉદ્યોગોનાં નામ આપો.

➥ કૃષિ આધારિત ઉદ્યોગો :

- સુતરાઉ કાપડ ઉદ્યોગ
- શણ ઉદ્યોગ
- રેશમી કાપડ ઉદ્યોગ
- ઊની કાપડ ઉદ્યોગ
- ખાંડ ઉદ્યોગ
- કાગળ ઉદ્યોગ

➥ ખનીજ આધારિત ઉદ્યોગો :

- લોખંડ-પોલાદ ઉદ્યોગ
- એલ્યુમિનિયમ ઉદ્યોગ
- તાંબા ઉદ્યોગ
- રસાયણ ઉદ્યોગ
- રાસાયણિક ખાતર ઉદ્યોગ
- સિમેન્ટ ઉદ્યોગ
- પરિવહન ઉપકરણ ઉદ્યોગ
- ઇલેક્ટ્રોનિક ઉદ્યોગ

35. સિમેન્ટ ઉદ્યોગ વિશે ટૂંકમાં માહિતી આપો.

➥ સિમેન્ટનો મહત્તમ ઉપયોગ મકાન, સડકો, અને બંધોના બાંધકામ કાર્યમાં થાય છે.

➥ ભારત સિમેન્ટ ઉત્પાદનમાં ચીન પછી વિશ્વમાં બીજા ક્રમે છે.

➥ ભારત વિશ્વમાં આશરે 6% સિમેન્ટ ઉત્પાદન કરતો દેશ બન્યો છે.

➥ ચૂના પથ્થર, કોલસો, ચિરોડી, બોક્સાઇટ, ચીકણી માટી વગેરે સિમેન્ટ ઉદ્યોગમાં ઉપયોગમાં આવતો કાચો માલ છે.

- ➥ સિમેન્ટના કારખાનાં કાચા માલનાં ઉત્પાદક ક્ષેત્રોની નજીક સ્થપાય છે.
- ➥ ગુજરાતમાં આ ઉદ્યોગનો સારો વિકાસ થયો છે.

36. સાંપ્રદાયિકતાને દૂર કરવા કયા ઉપાયો જણાવો? (ગમે તે ચાર)

- ➥ સાંપ્રદાયિકતા એ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસને અવરોધતું પરિબળ છે. તેથી સાંપ્રદાયિકતાને દૂર કરવા નીચેના ઉપાયો હાથ ધરવા જોઈએ :
- ➥ સૌપ્રથમ નાગરિકો અને સરકારે સાંપ્રદાયિક તત્ત્વોનો સખતાઈપૂર્વક સામનો કરવો પડશે અને તેને દૂર કરવાના તમામ પ્રયત્નો કરવા પડશે.
- ➥ સાંપ્રદાયિકતાને દૂર કરવાનું અસરકારક સાધન શિક્ષણ છે. આપણા શિક્ષણ કે અભ્યાસક્રમમાં દરેક ધર્મની સારી બાબતોને સામેલ કરવી જોઈએ, તેમજ સર્વધર્મ પ્રાર્થના અને સામાજિક પર્વોની ઉજવણી જેવી પ્રવૃત્તિથી બાળકોમાં સર્વધર્મ પ્રત્યે આદરભાવ કેળવવો જોઈએ.
- ➥ સાંપ્રદાયિકતા વિચારધારા પર આધારિત રાજકીય પક્ષોને માન્યતા આપવી જોઈએ નહીં. ચૂંટણી માટે ખાસ આચારસંહિતા છે. તેનો ચુસ્તપણે અમલ કરવો જોઈએ.
- ➥ રેડિયો, ટી.વી., સિનેમા, પ્રચાર માધ્યમો જેવાં શ્રેષ્ઠ દૃશ્ય-શ્રાવ્ય સાધનો થકી સમભાવ અને સહિષ્ણુતાનો પ્રસાર કરવો જોઈએ. રાષ્ટ્રહિત અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહિત કરે તેવા કાર્યક્રમો પ્રસારિત કરવા જોઈએ.
- ➥ ધાર્મિક અને રાજકીય વડાઓએ સાંપ્રદાયિકતાને નાથવા પ્રયત્ન કરવો જોઈએ.
- ➥ સાંપ્રદાયિકતાને દૂર કરવા યુવાનોમાં સાંપ્રદાયિકતાના સ્થાને બિનસાંપ્રદાયિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેવા પ્રયત્નો સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે થવા જોઈએ.
- ➥ સાંપ્રદાયિકતા સામે માત્ર સરકારે જ નહીં, સમાજે પણ વિશિષ્ટ પ્રયત્નો કરવા જોઈએ.
- ➥ ધર્મ, જ્ઞાતિ, પ્રાંત, ભાષાથી ઉપર રાષ્ટ્રહિત, રાષ્ટ્રગૌરવ છે. તેવી સમજ વિકસાવવી, જે લોકોને એક તાંતણે બાંધે છે અને તે રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાને પોષે છે.

37. આતંકવાદની આર્થિક અસરો વર્ણવો.

- ➥ આતંકવાદ, એ એક વૈશ્વિક સમસ્યા છે. જેની વિવિધ ક્ષેત્રો પર વ્યાપક અને લાંબા ગાળાની આર્થિક અને સામાજિક અસરો પડે છે.
- ➥ આર્થિક અસરો :

  (1) આતંકવાદને પરિણામે લોકોમાં ભયનું વાતાવરણ ઊભું થતાં ઉદ્યોગના વિકાસ માટે પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ પામતું નથી. આતંકવાદ પ્રભાવિત પ્રદેશનો વેપાર-ઉદ્યોગનો વિકાસ અટકી જાય છે.

  (2) વેપાર-ઉદ્યોગોને માઠી અસર થતાં લોકોને અન્ય પ્રદેશમાં વેપાર-રોજગાર માટે સ્થળાંતર કરવું પડે છે.

  (3) ક્યારેક આતંકવાદીઓ ભય અને ધમકી આપીને ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ, વેપારીઓ પાસે નાણાં પડાવે છે.

  (4) આતંકવાદીઓ માદક દ્રવ્યો અને કાળાં નાણાંની હેરાફેરી જેવી અસામાજિક પ્રવૃત્તિઓ કરે છે. જેના કારણે દેશમાં આર્થિક-સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.

  (5) આતંકવાદીઓ રેલવે, રેડિયો સ્ટેશનો, રસ્તા, પુલ, બંધો, સરકારી મિલકતોને નુકસાન પહોંચાડે છે. તેથી આવી મિલકતોના પુનર્નિર્માણ માટે કરોડો રૂપિયા ખર્ચ કરવા પડે છે.

  (6) આતંકવાદને અટકાવવા તથા સરકારી સલામતી અને સુરક્ષા માટે કરોડો રૂપિયા સંરક્ષણક્ષેત્રે ખર્ચ કરવા પડે છે. જેના કારણે સામાજિક વિકાસનાં કાર્યો પ્રમાણમાં ઓછાં થાય છે. વિકાસ અટકે છે.

  (7) આતંકવાદના પરિણામે રાજ્ય કે રાષ્ટ્રના પરિવહન ઉદ્યોગ, પર્યટન ઉદ્યોગને આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

- ➥ આમ, આતંકવાદ સામાજિક અને આર્થિક એમ બંને રીતે નુકસાનકારક છે. તેથી તેનું કાયમી નિરાકરણ લાવવું આવશ્યક છે.

## વિભાગ C

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ)**

41. જમીનના પ્રકારો કેટલા છે ? કયા કયા ?

- ➥ જમીનના આઠ પ્રકારો છે :

  (1) કાંપની જમીન, (2) રાતી અથવા લાલ જમીન,

  (3) કાળી જમીન, (4) લેટેરાઇટ જમીન,

  (5) રણપ્રકારની જમીન, (6) પર્વતીય જમીન,

  (7) જંગલ પ્રકારની જમીન, (8) દલદલ કે પીટ પ્રકારની જમીન.

38. ધોળાવીરા વિશે માહિતી આપો.

- ➥ કચ્છ જિલ્લાના ભુજથી લગભગ 140 કિમી દૂર ભચાઉ તાલુકાના મોટા રણના ખદીર બેટના ધોળાવીરા ગામથી બે કિમી દૂર આવેલું હડપ્પાનું સમકાલીન મોટું

વ્યવસ્થિત અને પ્રાચીન નગર ધોળાવીરા મળી આવ્યું છે.

- ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ વિભાગે ધોળાવીરા ખાતેના ટીંબાનું સર્વેક્ષણ કર્યું પછી આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાના અધિકારીઓએ સંશોધન હાથ ધર્યું.
- ઈ.સ. 1990માં રવીન્દ્રસિંહ બિસ્તના માર્ગદર્શન હેઠળ વિશેષ ઉત્ખન્ન થયું છે.
- ધોળાવીરાના કિલ્લા, મહેલ તેમજ નગરની મુખ્ય દીવાલોને જે સફેદ રંગ કરવામાં આવ્યો હશે તેના અવશેષો મળી આવ્યા છે.
- નગરની કિલ્લેબંધીની મજબૂત સુરક્ષાવ્યવસ્થા છે તથા અહીંની
- દીવાલ માટી, પથ્થર અને ઈંટોમાંથી બનાવેલ છે.
- ધોળાવીરામાં પીવાનું પાણી ગળાઈને શુદ્ધ સ્વરૂપે આવે તેવી વ્યવસ્થા જોવા મળે છે, જે આજે પણ આધુનિક યુગમાં આપણે કરી શક્યા નથી.
- ધોળાવીરામાં પાણીના શુદ્ધીકરણની વ્યવસ્થા અદ્દભુત હતી.

39. લોથલ ભારતનું અગત્યનું બંદર હતું. - સમજાવો.

- લોથલ એ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલ છે.
- લોથલ, ધોળકા તાલુકામાં સાબરમતી અને ભોગાવો નદીઓના વચ્ચેના પ્રદેશમાં આવેલું છે.
- લોથલ ખંભાતના અખાતથી 18 કિમી દૂર છે.
- લોથલમાં માનવ-વસાહતના ત્રણ થર મળ્યા છે.
- નગરના પૂર્વ છેડે નીચાણવાળા ભાગમાં ભરતીના સમયે વહાણો લાંગરવા માટે મોટો ધક્કો બાંધવામાં આવ્યો હતો, જેથી લોથલ તે સમયનું ભારતનું વિશાળ બંદર હશે.
- ધક્કો ઉપરાંત વખારો, દુકાનો આયાત-નિકાસના પુરાવા દર્શાવે છે.
- લોથલ પ્રાચીન ભારતનું સમુદ્ર બંદર હશે, જે બાબત ગુજરાતને જ નહીં, ભારતીય ઇતિહાસને પણ ગૌરવ અપાવે છે.

40. વારાણસી વિદ્યાપીઠ વિશે સમજૂતી આપો.

- વારાણસી યાત્રાધામ તેમ જ ઈ.સ. પૂર્વે 7મા સૈકામાં તે ભારતનું પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્ર હતું.
- ઉપનિષદ કાળમાં તે આર્ય સંસ્કૃતિ અને ધર્મના કેન્દ્ર તરીકે વિકસ્યું અને ત્યાંના રાજા અજાતશત્રુ ઉપનિષદ કળામાં એક તત્ત્વજ્ઞાની અને વિદ્યાના પોષક હતા.
- વ્યાસસંહિતામાં મહર્ષિ વેદવ્યાસનો આશ્રમ અહીં હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.
- ભગવાન બુદ્ધે પોતાના મતના પ્રચાર અને પ્રસાર માટે વારાણસી પર પસંદગી ઉતારી હતી.
- આદિ શંકરાચાર્ય જેવા સમર્થ તત્ત્વજ્ઞને તેમના વેદાંતના નૂતન સિદ્ધાંતની સ્વીકૃતિ માટે વારાણસી જ આવવું પડ્યું હતું.
- ચૈતન્ય મહાપ્રભુ અને પુષ્ટિમાર્ગના પ્રવર્તક વલ્લભાચાર્યજીએ પણ પોતાના વૈષ્ણવ સંપ્રદાયની પ્રતિષ્ઠા અહીં જ મેળવી હતી.
- પંજાબનાં વિદ્વાન કુટુંબોએ સ્થળાંતર કરવું પડ્યું ત્યારે તેઓ મુખ્યત્વે કાશી અને કેટલાક કશ્મીર જઈને વસ્યાં હતાં.
- કેટલાક રાજાના રાજકુમારો પણ અહીં ઉચ્ચ શિક્ષણ માટે આવતા હતા.
- સમ્રાટ અશોકના આશ્રયથી વારાણસીનો સારનાથમઠ પ્રસિદ્ધ વિદ્યાધામ બન્યો.

42. સંસાધન એટલે શું ? તેના ઉપયોગ વિશે સમજૂતી આપો.

- કોઈ પણ વસ્તુ માનવ જરૂરિયાતો પૂરી કરવા ઉપયોગમાં લેવાય તે સંસાધન કહેવાય છે.
- કુદરતનાં હજારો તત્ત્વોનો માનવી તેના વિશિષ્ટ જ્ઞાન-કૌશલ્યથી પોતાની શારીરિક કે બૌદ્ધિક ક્ષમતા થકી જરૂરિયાતો પૂરી કરવા ઉપયોગમાં લે તેને સંસાધન કહેવાય છે.
- સંસાધનોનો મુખ્ય ઉપયોગ – ખોરાક તરીકે, કાચા માલના સ્રોત તરીકે, શક્તિ સંસાધનો તરીકે કરવામાં આવે છે.

43. ખાનગીકરણના લાભો અને ગેરલાભો લખો.

- ખાનગીકરણની નીતિના કારણે થયેલા લાભ નીચે મુજબ છે :
  (1) દેશમાં ઉદ્યોગક્ષેત્રે ઉત્પાદકીય એકમોની સંખ્યામાં વધારો નોંધાયો છે.
  (2) મૂડીગત અને વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં વધારો થયો છે.
  (3) જાહેર ક્ષેત્રમાં એકમોનું ખાનગીકરણ થવાથી જાહેર ક્ષેત્રનાં એકમોની કાર્યક્ષમતામાં સુધારો થયો છે.
- ખાનગીકરણ પ્રક્રિયા અપનાવવાથી થયેલા ગેરલાભો નીચે મુજબ છે :
  (1) આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું છે. જેનાથી ઇજારાશાહીને વેગ મળ્યો છે.
  (2) નાના ગૃહઉદ્યોગોનો વિકાસ યોગ્ય રીતે થઈ શક્યો નથી, માત્ર મોટા ઉદ્યોગોને જ લાભ મળ્યો છે.
  (3) ભાવો અંકુશમાં રહ્યા નહીં. જેથી ભાવવધારાની સમસ્યા ઊભી થઈ છે.

Liberty

44. MPO, FPO, ECO અને ISI માર્કાઓ વિશે જણાવો.

➡ (1) ISI :

- ઈ.સ. 1947માં ભારત સરકારે ગુણવત્તાનું નિયમન કરવા 'ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂટ' (ISI) સંસ્થાની સ્થાપના કરી, જે ઈ.સ. 1986થી 'બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ' તરીકે ઓળખાય છે.
- જે ઉત્પાદકો ઉત્પાદકીય ઉપકરણોની યોગ્ય ગુણવત્તા ધરાવતા હોય તેમને ISIનો માર્કો વાપરવાની છૂટ આપે છે.

➡ (2) ECO :

- આ લોગો (માર્કો) સાબુ, ડિટર્જન્ટ, કાગળ, ઓઇલ, પાઉડર, પેકેજિંગ મટીરિયલ, રંગ-રસાયણો, કોટિંગ, બેટરી, સૌંદર્ય- પ્રસાધનો, લાકડાના બદલે વપરાશી વસ્તુઓ, ચામડાં અને પ્લાસ્ટિકની બનાવટો પર ECO માર્કો લગાવી શકાય છે.
- આ માર્કો ISI દ્વારા એટલે કે હવે BIS દ્વારા પરવાનો અપાય છે.

➡ (3) FPO :

- આ માર્કો જામ, ફ્રૂટ, જ્યૂસ, કેન કે ટિનમાં પેક કરેલાં ફળો અને શાકભાજીની ઉત્પાદક વસ્તુઓ પર લગાડવામાં આવે છે.

➡ (4) એગમાર્ક :

- ખેતપેદાશ, વનપેદાશો, બાગાયતી અને પશુપેદાશોની ચીજો પર ગુણવત્તા માંનક 'એગમાર્ક' લગાડવાનો કાયદો છે.
- આ લોગો ખેતીવાડી ઉત્પન્ન બજાર કાયદો, 1937નો હતો.
- આજે ભારત સરકારના 'ડિપાર્ટમેન્ટ ઓફ માર્કેટિંગ ઇન્ટેલિજન્સ' સંસ્થા (DMI) દ્વારા એગમાર્ક વાપરવાનો પરવાનો અપાય છે.

➡ (5) MPO :

- MPO (Meat Processing Optimiser) માર્કો માંસ, મટનની પેદાશો અને તેમાંથી બનેલ બનાવટોને અપાય છે.

45. ભાવનિયંત્રણમાં જાહેર વિતરણ પ્રણાલીની ભૂમિકા સ્પષ્ટ કરો.

➡ ભાવવધારાને અંકુશમાં રાખવાની વ્યૂહરચનાનું એક પગલું એટલે જાહેર વિતરણ પ્રણાલી (PDS) છે.

➡ આ યોજના ભારતમાં 1977થી અમલમાં આવી હતી જેનો હેતુ સમાજમાં ઓછી આવક ધરાવનારાઓને જરૂરી આવશ્યક ચીજવસ્તુઓ વાજબીભાવે ઉપલબ્ધ કરાવવાનો છે.

➡ આ યોજના અન્વયે વિતરણ કરવા 'વાજબી ભાવની દુકાનો' FPSSની શરૂઆત થઈ, જે ભારતમાં 4.92 લાખ છે.

➡ આ દુકાનોમાં અપાતી વસ્તુઓના ભાવ એ ખુલ્લા બજારની દુકાનોના ભાવની સરખામણીએ ઓછા હોય છે. જોકે બજારના વાસ્તવિક ભાવ અને વાજબી ભાવની દુકાનોમાં અપાતી વસ્તુઓના ભાવો વચ્ચે તફાવત સરકાર ભોગવે છે. આ તફાવતની રકમને સબસિડી કહે છે.

➡ કૃત્રિમ અછત, સંગ્રહખોરી કે કાળાબજારમાં મનફાવે તેમ ભાવવધારાની પરિસ્થિતિમાં ગરીબોના જીવનસ્તરને ટકાવી રાખવામાં આ જાહેર વિતરણ પ્રણાલી (PDS) આશીર્વાદરૂપ બની છે, જે ભાવવૃદ્ધિને અંકુશમાં રાખે છે.

➡ જાહેર વિતરણ વ્યવસ્થાની સફળતાનો આધાર અનાજ-વિતરણ અને વહેંચણીની વ્યવસ્થા માટે કુશળ અને કાર્યક્ષમ વહીવટી તંત્ર પારદર્શીય વહીવટ અને પ્રામાણિક એવા દુકાનદારો પર રહેલો છે.

46. ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરી વર્ણવો.

➡ આરોગ્ય એ વ્યક્તિના જીવન માટે જરૂરી કિંમતી મૂડી છે. કોઈ પણ વ્યક્તિ કૌટુંબિક, સામાજિક જીવન ઉત્તમ અને તે માટે સૌથી પહેલાં તેનું સ્વાસ્થ્ય સારું રહે તે ખૂબ મહત્ત્વનું છે.

➡ ભારત સહિત વિશ્વના દેશોએ આરોગ્ય નીતિઓ અમલમાં મૂકી અને સામાન્ય રોગો, કુપોષણ, અપંગતા, એઇડ્સ જેવા ચેપી રોગો, માનસિક રોગો અને સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

➡ ભારતમાં બાળ રસીકરણ કાર્યક્રમમાં પોલિયો માટે – ઓ.પી.વી., ક્ષય માટે – બી.સી.જી. ઝેરી કમળા માટે – હીપેટાઇટિસ-બી, ડિફ્થેરિયા-ઉધરસ – ધનુર માટે – ડી.પી.ટી., ઓરી માટે એમ.એમ.આર. તેમજ ટાઇફોઇડ વિરોધી રસી બાળકોને આપવામાં આવે છે.

➡ રસીકરણ થકી બાળ આરોગ્ય અને બાળ મૃત્યુદરમાં ઘણો સુધારો લાવી શક્યા છીએ.

➡ ભારતમાં આજે આયોડિન, વિટામિન અને લોહતત્ત્વની ઊણપ સામે ઝુંબેશ ચલાવી રહ્યા છીએ.

➡ આપણે પ્લેગ, શીતળા, રક્તપિત્ત, અને પોલિયો નિર્મૂળ કરી શક્યા છીએ. તેમજ ઓરી, અછબડા, મેલેરિયા, ડેન્ગ્યૂ, કમળો, ક્ષય, મધુપ્રમેહ, કેન્સર અને હૃદયરોગ પર નિયંત્રણ સાધી શક્યા છીએ.

➡ પરિણામ સ્વરૂપે માનવી લાંબું, તંદુરસ્ત અને સ્વસ્થ જીવન જીવી રહ્યો છે. જન્મદર, મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થયો છે. પરિણામે સરેરાશ આયુષ્યમાં વધારો થયો છે.

➡ આમ છતાં, ભારતમાં પાણીજન્ય રોગો, શ્વસનરોગો, કુપોષણે વસ્તી માટે મુશ્કેલી ઊભી કરી છે.

➡ ભારતીય મહિલાઓ, બાળકોમાં પોષક તત્ત્વોની ઊણપ, મૂળભૂત, ખનીજો, કેટલાંક વિટામિનો અને પ્રોટીન ઊણપ વગેરે અધૂરા વિકાસ માટે જવાબદાર છે.

➡ પર્યાવરણીય પ્રદૂષણ અને ઝેરી પદાર્થોનો ઉદ્ભવ એ આજની નવી સમસ્યા છે.

Liberty

## વિભાગ D

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૪ ગુણ)**

47. પ્રાચીન ભારતનો વિજ્ઞાનક્ષેત્રનો વારસો સ્પષ્ટ કરો.

- આપણા પ્રાચીન ભારતના મહાન ઋષિઓએ વિજ્ઞાનના ક્ષેત્રે અમૂલ્ય વારસો વિશ્વને આપ્યો છે.
- ધાતુવિદ્યા, રસાયણવિદ્યા, વૈદકવિદ્યા, ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર જેવાં અનેક ક્ષેત્રોમાં આપણા ઋષિઓએ મહત્તમ ફાળો આપ્યો છે.
- ભારતે માત્ર સાહિત્ય, કલા, ધર્મ, શિક્ષણ અને તત્ત્વચિંતન જેવાં ક્ષેત્રોમાં જ ફાળો નથી આપ્યો, પરંતુ વિવિધ વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં ક્ષેત્રોમાં પણ પોતાનો સિંહફાળો આપ્યો છે.
- ભારત આધ્યાત્મિક વિચારધારાની સાથે સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ પણ ધરાવે છે. મોટા ભાગની શોધોમાં એક યા બીજી રીતે ભારતના વિજ્ઞાનનું તત્ત્વજ્ઞાન સમાયેલું છે.

48. પ્રાચીન ભારતમાં ખગોળ અને જ્યોતિષશાસ્ત્રનો વિકાસ વર્ણવો.

**(A) ખગોળશાસ્ત્ર :**

- શાસ્ત્રોમાં ખગોળશાસ્ત્ર સૌથી પ્રાચીન છે.
- ખગોળશાસ્ત્રને લગતા ઘણા ગ્રંથો ભારતમાં લખાયેલા છે.
- આ બધા જ ગ્રંથોનો પ્રાચીન વિદ્યાપીઠોમાં વ્યવસ્થિત અભ્યાસ થતો હતો.
- ગ્રહો, ગ્રહોની ગતિ અને નક્ષત્રો તથા અવકાશી પદાર્થોની ગણતરીને આધારે ખગોળ અને જ્યોતિષશાસ્ત્રનો સારો એવો વિકાસ થયો હતો.
- ગ્રહો ઉપરથી ફળ પ્રમાણે જ્યોતિષ ફલિત કરવામાં આવતું.
- આર્યભટ્ટ ગણિતશાસ્ત્રી હોવાની સાથે સાથે ખગોળવિજ્ઞાનમાં પણ તેમનું વિશેષ યોગદાન છે. તેથી જ ભારતના પ્રથમ ઉપગ્રહનું નામ 'આર્યભટ્ટ' રાખવામાં આવ્યું હતું.
- આર્યભટ્ટે ખગોળશાસ્ત્રમાં સાબિત કર્યું કે, ''પૃથ્વી પોતાની ધરી પર ફરે છે તથા ચંદ્રગ્રહણનું સાચું કારણ પૃથ્વીનો પડછાયો છે.'' આ બાબતને વિદ્વાનો 'અજરભર' નામથી સંબોધતા હતા.
- બ્રહ્મગુપ્તે 'બ્રહ્મસિદ્ધાંત' ગ્રંથમાં ગુરુત્વાકર્ષણના નિયમોને ઉલ્લેખિત કર્યા છે.

**(B) જ્યોતિષશાસ્ત્ર :**

- વરાહમિહિર મહાન ખગોળવેત્તા તથા જ્યોતિષશાસ્ત્રી હતા.
- તેમણે 'બૃહદ્સંહિતા' નામના ગ્રંથની રચના કરી તથા જ્યોતિષશાસ્ત્રને ત્રણ ભાગમાં વહેંચ્યું (1) તંત્ર, (2) હોરા અને (3) સંહિતા.
- બૃહદ્સંહિતામાં આકાશી ગ્રહોની માનવીના ભવિષ્ય પર થતી અસરો, મનુષ્યોનાં લક્ષણો, પ્રાણીઓના વર્ગો, લગ્નમુહૂર્ત તથા કૂવા, તળાવ, બગીચા, ખેતવાવણી વગેરે પ્રસંગોનાં શુભ મુહૂર્તોની માહિતી દર્શાવી છે.
- આપણને ગર્વ થવો જોઈએ કે, આપણા પૂર્વજો વિવિધ વિદ્યામાં કેવી કેવી નિપુણતા ધરાવતા હતા.

49. ભારતીય કૃષિ-પદ્ધતિઓ વિશે સમજૂતી આપો.

- ભારતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની કૃષિ-પદ્ધતિઓ પ્રચલિત છે. જેમાં (1) સજીવ ખેતી, (2) ટકાઉ (પોષણક્ષમ) ખેતી અને (3) મિશ્ર ખેતી.
- (1) સજીવ ખેતી :
  - સજીવ ખેતી એટલે ખેતીની એવી પદ્ધતિ કે, જેમાં યૂરિયા જેવા કોઈ પણ રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી.
  - કૃષિપાકોના પોષણ માટે છાણિયું ખાતર, અળસિયાનું ખાતર, કમ્પોસ્ટ ખાતર વગેરે તથા પાક સંરક્ષણ માટે ગૌમૂત્ર, લીમડાનું દ્રાવણ, છાશ વગેરેની વપરાશ થાય છે.
  - સજીવ ખેતીને જૈવિક ખેતી પણ કહેવાય છે, જેની ખેતપેદાશો પોષણયુક્ત હોય છે. એમાં કુદરતી સ્વાદ, મીઠાશ અને સોડમ હોય છે. તેમાં વધુ ખનીજ, વિટામિન અને જીવનશક્તિ આપતાં તત્ત્વો હોય છે.
  - જૈવિક ખેતીપેદાશોની અત્યારે ખૂબ જ માંગ છે, એટલે ખેડૂતોને વળતર પણ સારું મળે છે.
  - રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગથી ઉત્પાદિત ખેતપેદાશોની જમીન, પર્યાવરણ અને માનવ- જીવન પર વિપરીત અસર થઈ રહી હતી જેના કારણે આજે સજીવ ખેતપેદાશોની માગ વધી રહી છે.
- (2) ટકાઉ ખેતી (પોષણક્ષમ ખેતી) :
  - આ ખેતીમાં જમીનની ફળદ્રુપતા લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે પાકની ફેરબદલી, પોષણ માટે જરૂરિયાત મુજબ રાસાયણિક ખાતરનો ઉપયોગ થાય છે.
  - કીટકો અને નીંદણ નિયંત્રણ માટે જંતુનાશકોને બદલે જૈવિક નિયંત્રક, જળ-સંરક્ષણ વગેરે બાબતની વિશેષ કાળજી લેવામાં આવે છે.

Liberty

➥ (3) મિશ્ર ખેતી :

➧ આ ખેતીમાં ખેતીની સાથે સાથે પૂરક પ્રવૃત્તિ તરીકે પશુપાલન, મરઘાં-બતકાં ઉછેર, મધમાખી અને મત્સ્ય- ઉછેર જેવી પ્રવૃત્તિ કરવામાં આવે છે.

50. ઘઉંના પાકને અનુકૂળ સંજોગો વર્ણવી, ઉત્પાદન કરતાં રાજ્યો જણાવો.

➥ ભારતમાં ડાંગર પછી ઘઉં એ બીજો મહત્ત્વનો ધાન્ય પાક છે.

➥ ભારતની $\frac{1}{3}$ જમીન પર ઘઉંની ખેતી થાય છે.

➥ દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં વસતા લોકોનો મુખ્ય ખોરાક ઘઉં છે.

➥ ઘઉં એ સમશીતોષ્ણ કટિબંધીય રવી પાક છે.

➥ ઘઉંના પાકને ઠંડી આબોહવા અનુકૂળ રહે છે.

➥ ઘઉંના પાકને નીચું તાપમાન જરૂરી છે.

➥ ઘઉંના પાક માટે કાળી કે ફળદ્રુપ ગોરાડુ જમીન અને 75 સેમી વાર્ષિક વરસાદ જરૂરી છે.

➥ ભારતમાં હરિયાળી ક્રાંતિ બાદ ઘઉંનું ઉત્પાદન લગભગ બમણું થયું છે.

➥ ભારતમાં પંજાબને 'ઘઉંનો કોઠાર' કહે છે.

➥ ઉત્પાદક રાજ્યો અને પ્રદેશો :

➧ મુખ્ય રાજ્યો પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ. ઉપરાંત મધ્ય પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ ગૌણ રાજ્યો છે.

➧ ગુજરાતમાં અમદાવાદ (ભાલ), મહેસાણા, રાજકોટ, જૂનાગઢ, ખેડા વગેરે મુખ્ય જિલ્લાઓ છે.

➧ રોજિંદા ખોરાકમાં વપરાતા સર્વ પ્રકારના અનાજમાં ઘઉં શ્રેષ્ઠ છે.

➧ ઘઉંના લોટમાંથી રોટલી, ભાખરી, સેવ, શીરો, લાપશી, લાડુ, સુખડી, પાઉં, પૂરી, કેક, બિસ્કિટ વગેરે અનેક વાનગીઓ બને છે.

➧ બધા પ્રકારના અનાજ કરતાં ઘઉંમાં પૌષ્ટિક તત્ત્વો વધારે છે. આથી જ ઘઉં 'અનાજનો રાજા' ગણાય છે.

➧ ભારતમાં ઘઉંનો પાક ખૂબ જ મહત્ત્વનો છે.

51. બેરોજગારીનાં કારણો જણાવો.

➥ ભારતમાં બેરોજગારીની સમસ્યા વધુ ઘેરી બનવા પાછળનાં મુખ્ય જવાબદાર કારણો નીચે મુજબ છે :

➥ ભારતમાં ઊંચા દરે વસ્તીવધારો, માત્ર ને માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન, પ્રાયોગિક જ્ઞાનનો અભાવ, ટેક્નિકલ જ્ઞાન કે કૌશલ્યનો અભાવ વગેરે પૂર્ણકક્ષાની રોજગારી આપવામાં નિષ્ફળ રહ્યા છે.

➥ ભારતમાં કૃષિક્ષેત્રે વરસાદની અનિયમિતતા અને જોખમનું પ્રમાણ વધુ છે. તેથી કૃષિ વ્યવસાયમાં રસ ઘટ્યો છે.

➥ કૃષિક્ષેત્રે સિંચાઈની અપૂરતી સગવડો છે, તેમજ ખેતી સિવાયના સમયમાં વૈકલ્પિક રોજગારીના અભાવે બેકાર બેસવું પડે છે.

➥ આજે કુટિરઉદ્યોગો, ગૃહઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોની નબળી સ્થિતિ પણ બેરોજગારીમાં વધારો કરે છે.

➥ જ્ઞાતિપ્રથા, સંયુક્ત કુટુંબ-વ્યવસ્થા, પરંપરાગત વ્યવસાય કે કૌટુંબિક ધંધામાં જ રોકાઈ રહેવું પડે, કારણ કે નવા મૂડીરોકાણમાં આવડતનો અભાવ જવાબદાર બને છે.

➥ નવા વ્યવસાય કે ઉદ્યોગ શરૂ કરવામાં સાહસનો અભાવ, જ્ઞાન, કૌશલ્ય, તાલીમ અને અનુભવની ખામી, શ્રમની ગતિશીલતાનો અભાવ, માનવશ્રમનું ખામી ભરેલું આયોજન, ઔદ્યોગિક વિકાસનો ધીમો દર, ઓછી બચતવૃત્તિ, મૂડીસર્જન દરમાં ઘટાડો થવો, મૂડીરોકાણનો અભાવ વગેરે બાબતોને કારણે ઉદ્યોગ-ધંધા શરૂ થતા નથી જેના કારણે બેરોજગારી વધતી જાય છે.

52. નીચે આપેલ ગરીબી-નિવારણના કાર્યક્રમો વિશે સમજૂતી આપો. (કોઈ પણ ત્રણ)
(A) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના
(B) સાંસદ આદર્શ ગ્રામ યોજના
(C) જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના

➥ ગરીબી નિર્મૂલન કરવાના હેતુથી ગરીબોને રોજગારી આપવા માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી જેનો સીધો આર્થિક લાભ ગરીબોને મળે.

➥ આ કાર્યક્રમો પાંચ વિભાગમાં વહેંચી શકાય છે:

(1) વેતનયુક્ત રોજગારીના કાર્યક્રમો,

(2) સ્વરોજગારીના કાર્યક્રમો,

(3) અન્ન સુરક્ષાને લગતા કાર્યક્રમો,

(4) સામાજિક સલામતીને લગતા કાર્યક્રમો,

Liberty

(5) શહેરી ગરીબી નિવારણના કાર્યક્રમો.

➥ આ પાંચ ક્ષેત્રોમાં ઘણા શ્રેણીબદ્ધ કાર્યક્રમો અમલમાં છે, જે પૈકીના ત્રણ કાર્યક્રમોની સમજૂતી નીચે મુજબ છે :

(A) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના :

➥ ગ્રામીણ ક્ષેત્રે કોઈ પણ જાતના અવરોધ વિના 24 x 7 રાત-દિવસ સતત વીજળીનો પુરવઠો પાડવા, ઘરોમાં અને ખેતરોમાં રાહત દરે વીજળી પૂરી પાડવી એ આ કાર્યક્રમનો હેતુ છે.

➥ દેશભરમાં વીજળીની સુવિધા વિનાનાં 18,000 ગામોમાં વીજળી પહોંચાડવા નવી લાઇનો નાખવી તથા નવાં વીજ સ્ટેશનો સ્થાપવાનાં કાર્યો કરવા.

➥ કૃષિક્ષેત્રનાં વીજળીનાં સાધનોની ખરીદીમાં સબસિડીરૂપે સહાય પૂરી પાડીને ગરીબ ખેડૂતોને આવકમાં ટેકો પૂરો પાડવાનો પ્રયાસ છે.

➥ સૌરઊર્જા દ્વારા વીજળી મેળવવા તથા સોલાર ટેક્નિક-સાધનો માટે પણ સબસિડી પૂરી પાડવામાં આવે છે.

(B) સાંસદ આદર્શ ગ્રામ યોજના :

➥ આ યોજના હેઠળ દરેક સાંસદ પોતાના મતવિસ્તારમાંથી એક ગામ દત્તક લેશે તથા આ ગામમાં શિક્ષણ, આરોગ્ય, રોજગારીની સુવિધાને વધારીને સુવિધાસભર 'આદર્શ ગામ'ની રચના દ્વારા સ્થળાંતરણ અટકાવવાનું કાર્ય કરશે.

➥ આ યોજનામાં સાર્વજનિક કાયમી મિલકતો ઊભી કરવી, સારા જીવનની તકોનું નિર્માણ કરવું, ગ્રામોદ્ધાર, સાંસ્કૃતિક વારસાનું જતન તથા સામાજિક સમરસતાનાં કાર્યો દ્વારા રોજગારી ઊભી કરવાના પ્રયાસો કરવા માનવવિકાસમાં વધારો કરવો જેવા ઉમદા હેતુઓ રહેલા છે.

(C) જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના :

➥ આ યોજનામાં ગ્રામીણ વિસ્તારમાં આવક વધારવા અને ઉદ્યોગ સાહસિકતા માટે બેરોજગારોને ગ્રામ્ય વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપવા માટે યંત્રસામગ્રી, વીજળી, જમીન વગેરે માટે આર્થિક સહાય જરૂરી સબસિડી પૂરી પાડી સ્વરોજગારીની તકો ઊભી કરવાનો હેતુ છે.

➥ આ યોજના અન્વયે 'સ્ટાર્ટ-અપ ઇન્ડિયા'માં નવા આઇડિયા સાથે બેરોજગાર યુવાનને, ઉદ્યોગ સાહસિકોને તાલીમ, મફત વીજળી, જમીન અને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે.

53. ભારતીય બંધારણમાં કયા બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

➥ સંયુક્ત રાષ્ટ્રોએ ઈ.સ. 1992માં તેમના 'અધિકારોના ઘોષણપત્રમાં'માં (ચાર્ટર ઓફ રાઇટ્સ) બાળકોનાં કલ્યાણ અને વિકાસાર્થે બાળ અધિકારો જાહેર કર્યા હતા. આ બાળ અધિકારોને આપણા બંધારણમાં સ્થાન આપી તેને વ્યવહારમાં ચરિતાર્થ કરવા પ્રયત્નો કર્યા છે, જે નીચે મુજબ છે :

1. જાતિ, રંગ, ભાષા, ધર્મ, લિંગ કે રાષ્ટ્રીયતાના કોઈ પણ ભેદભાવ વિના પ્રત્યેક બાળકને જીવન જીવવાનો જન્મજાત અધિકાર છે.
2. માતા-પિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલનપોષણ થવું જોઈએ તથા ખાસ કારણ વિના બાળકને તેના માતા-પિતાથી અલગ કરી શકાય નહિ.
3. પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે બાળકને શિક્ષણ મેળવવાનો કાનૂની અધિકાર છે.
4. બાળકને વયકક્ષાને અનુરૂપ રમત-ગમત અને મનોરંજન પ્રવૃત્તિઓમાં ભાગ લઈ તંદુરસ્ત, સ્વસ્થ અને આનંદી જીવન જીવવાનો અધિકાર છે.
5. દરેક બાળકને તેના અંતઃકરણ મુજબ ધર્મ પાળવાનો અને સમુદાયમાં રહેવાનો તથા પોતાની સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે.
6. દરેક બાળકને કોઈ પણ પ્રકારના શારીરિક અને માનસિક શોષણ કે અત્યાચાર સામે નશીલી દવાઓના ઉપયોગ સામે શિક્ષા કે દંડ સામે રક્ષણ અને સલામતી મેળવવાનો અધિકાર છે.
7. દરેક બાળકને સામાજિક સુરક્ષા દ્વારા સામાજિક વિકાસ સાધીને તંદુરસ્ત જીવનધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

Liberty